| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૬/૦૪/૨૦૨૨ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૧૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૬ | ૦ | ૧૩૬ | ૪૧૩ | ૦ | ૪૧૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૮૯ | ૦ | ૧૦૦૬૮૯ | ૧૦૯૫૯૧ | ૦ | ૧૦૯૫૯૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯ | ૪,૬૩,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬ | ૬,૦૦૦/- |

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૩૨૧ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઇંગ્લીશ દારૂ. ૫૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ ૪રી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૧૩/૨૦૨૨**

**સરખેજઃ** અસ્મા ડો/ઓ અંજુમભાઈ પરવેશ (રહે. સાગર રેસીડેન્સી અહદ સ્પોટર્સ કલબ પાછળ ફતેવાડી સરખેજ) એ તા.૦૫/૦૪/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૨ થી તા.૦૫/૦૪/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૪/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સિટીઃ** તુષારભાઈ ધનશ્યામભાઇ ગાંધી (ઉ.વ.૫૩) (રહે. સ્વામી એવન્યુ, એઈસી ક્રોસ રોડ સામે નારણપુરા) તા.૩૦/૦૩/૨૦૨૨ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે મેમનગર ફાયર સ્ટેશન ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ તુષારભાઈ ગાંધીના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તુષારભાઈ ગાંધીએ તા.૦૫/૦૪/૨૦૨૨ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૧૫/૨૦૨૨**

**ચાંદખેડાઃ** ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડ શુભ લક્ષ્મીનગર ખાતે રહેતા કાલુ જેંતીલાલ દંતાણીના પત્ની તા.૦૪/૦૪/૨૦૨૨ રાતના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના ઉપરના માળે છ માસની પુત્રી જાનુને લઈ આગળના ભાગે ઉભા હતા દરમ્યાન ઉપરના માળની આગળની છત તુટી પડતા કાલુ દંતાણીના પત્ની પુત્રી જાનુ સાથે નીચે પડતા પુત્રી જાનુને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ પુત્રી જાનુને મૃત જાહેર કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૧૬/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** પ્રમોદભાઈ બંસીલાલ બડગુજર (ઉ.વ.૩૯) (રહે. પાર્શ્વનાથ ટાઉનશીપ પંચેશ્વર મંદિરની બાજુમાં કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૨ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.